Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

સંદર્ભ : બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૫–૦૯–૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૮

# પરિપત્ર

**વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ માટે કોલેજ જોડાણ અરજીની તારીખ લંબાવવા અંગે...**

યુનિવર્સિટી એકટની કલમ ૨૭ તથા સ્ટેચ્યુટ ૬૯, ૭૦, ૨૭૫, ૨૭૬, ૨૮૦, ૨૮૧, ૨૮૨ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ થી નવી કોલેજ / નવા અભ્યાસક્રમ શરૂ કરવા તેમજ હાલની કોલેજોના ચાલુ/વધારાના/કાયમી જોડાણ તથા મર્જર માટે ઓનલાઈન અરજી કરવા ઈચ્છતા રજીસ્ટર્ડ મંડળ/ટ્રસ્ટ/સંસ્થા/સોસાયટી પાસેથી ઓર્ડિનન્સ ૬૬ માં દર્શાવેલ પ્રોસેસીંગ ફી સાથે એફિલીયેશન ડેવલપમેન્ટ ફંડ ફી અને નિયત કરાયેલ સમય મર્યાદા ધ્યાને લઈ ઓનલાઈન અરજી તા.૩૦–૦૯–૨૦૨૫ સુધીમાં યુનિવર્સિટીના ERP પોર્ટલ પર કર્યા બાદ નિયત ફી ઓનલાઈન ભરીને ફી ભર્યાની રસીદ સાથે ઓનલાઈન કરેલ અરજીની હાર્ડ કોપી ૩ નકલમાં તેમજ સોફ્ટ કોપી યુનિવર્સિટીના જોડાણ વિભાગમાં આગળની કાર્યવાહી માટે યુનિવર્સિટીના પરિપત્રાંક : જોડાણ/૧૮૮૭૪/૨૦૨૫ તા.૧૯–૦૭–૨૦૨૫ થી જાણ કરવામાં આવેલ હતી.

પરંતુ ERP પોર્ટલ પર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની ચાલુ જોડાણ ધરાવતી કોલેજોના ડિવિઝનની ઓનલાઈન ફી (એફીલીયેશન ડેવલપમેન્ટ ફંડ ફી) ભરવામાં ટેકનીકલ એરર/મુશ્કેલી આવતી હોય જેથી યુનિવર્સિટીના ERP પોર્ટલ પર ઓનલાઈન અરજી કર્યા બાદ લાગુ પડતી નિયત ફી ભરવા અંગે ફેરફાર સાથેની વ્યવસ્થા યુનિવર્સિટીના પરિપત્રાંક : જોડાણ/૨૫૫૦૧/૨૦૨૫ તા.૨૪–૦૯–૨૦૨૫ મુજબ કરવામાં આવેલ છે. તે જોતાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના ઉપરોકત સંદર્ભ ઠરાવ્યાનુસાર યુનિવર્સિટીના ERP પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની તારીખ લંબાવીને **તા.૧૬–૧૦–૨૦૨૫ (લેઈટ ફી વિના)** કરવામાં આવે છે, તદઅનુસાર કાર્યવાહી કરવા આથી જાણ કરવામાં આવે છે.

ક્રમાંક : જોડાણ/૨૫૮૩૧/૨૦૨૫
તા.૨૬–૦૯–૨૦૨૫

**કુલસચિવ**

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ અને નવા જોડાણની અરજી કરવા ઈચ્છતા રજીસ્ટર્ડ મંડળ/ટ્રસ્ટ/સંસ્થા/સોસાયટીના પ્રમુખશ્રી
*.....જાણ તથા જરૂરી કાર્યવાહી નિયત તારીખ સુધીમાં કરવા સારું...*